**આજની પ્રાર્થના....**

ઉંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન, સૌને આવું હું ખપમાં મુજ કાયા વજ સમાન, એવું શરીરનું બળ આપ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૩૨ | ૨૨ જુલાઈ, ૨૦૨૧, ગુરૂવાર; અષાઢ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મુંબઈમાં અતિભારે વરસાદની સંભાવના

## રેડ એલર્ટ જારી કરાયું : શનિવારથી સતત ભારે વરસાદથી મુંબઈ અસ્તવ્યસ્ત : મુંબઈ ઉપરાંત થાણે, પાલઘર અને રાયગઢના પણ મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના હેઠળ રેડ એલર્ટ જાહેર કરાયું



મુંબઈ, તા.૨૧

શનિવારથી ભારે વરસાદથી અસ્તવ્યસ્ત બનેલા મુંબઈ પર વરસાદી કહેર રોકાવાનું નામ નથી લઈ રહ્યો. હાલમાં હવામાન ખાતાએ મુંબઈમાં અતિ ભારે વરસાદની સંભાવનાને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે.

શનિવાર સાંજથી શરુ થયેલા ભારે વરસાદે રવિવાર સવાર સુધી મુંબઈના અનેક વિસ્તારોને પાણીમાં ગરકાવ કર્યા હતા. જેના લીધે ૨૪ કલાક દોડતી મુંબઈનું સામાન્ય જનજીવન ખોરવાયું છે. હવામાન ખાતા (આઈએમડી)એ બુધવારે મુંબઈમાં અતિ ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગની આગાહી છે કે આગામી ૨૪ કલાક દરમિયાન મુંબઈમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે.

જોકે આ સ્થિતિ ખાલી મુંબઈની જ નથી. હવામાન વિભાગે મુંબઈ સાથે થાણે, પાલઘર અને રાયગઢના પણ મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના હેઠળ રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ પહેલા હવામાન વિભાગે મુંબઈ, થાણે અને પાલઘરને લઈને ગુરુવાર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું હતું. પરંતુ અતિ ભારે વરસાદી હવામાન જોતાં આઈએમડીએ

● અનુસંધાન પાન-૭ પર


# દેશમાં ૧.૧૯ લાખ બાળકો કોરોનાકાળમાં અનાથ બન્યા

## સમગ્ર દુનિયાભરમાં ૧૫ લાખથી વધુ બાળકોએ માતા-પિતા ગુમાવ્યા : લેન્સેન્ટમાં પ્રકાશિત એક રિસર્ચ

ન્યુ દિલ્હી,તા.૨૧

ભારતમાં ૧,૧૯,૦૦૦ બાળકો સહિત દુનિયાભરમાં ૧૫ લાખથી વધારે બાળકોએ કોરોનાને કારણે ઓછામાં ઓછા એક માતા-પિતા, કસ્ટોડિયલ દાદા-દાદીને ગુમાવી દીધા છે. તેની જાણકારી લેન્સેન્ટમાં પ્રકાશિત એક રિસર્ચમાં કરવામાં આવી છે. રિચર્સનું અનુમાન છે કે, ૧૦ લાખથી વધારે બાળકો મહામારીને કારણે પહેલા ૧૪ મહિના દરમિયાન માતા-પિતામાંથી એક અથવા બંનેના મોત નિપજ્યા હોય અને અન્ય ૫ લાખ બાળકોએ પોતાના ઘરમાં રહેતાં દાદા-દાદીની મૃત્યુ જોયું છે.

ભારતમાં રિસર્ચનું અનુમાન છે કે માર્ચ ૨૦૨૧ (૫૦૯૧)ની સરખામણીમાં એપ્રિલ ૨૦૨૧માં અનાથ બાળકો (૪૩,૧૩૯)ની સંખ્યામાં ૮.૫ ગણો વધારો થયો છે. જે બાળકોએ માતા-પિતા કે દેખરેખ રાખનારને ગુમાવી દીધા છે, તેમના સ્વાસ્થ્ય, સુરક્ષા પર ટૂંકાગાળાનો કે લાંબાગાળાનો પ્રભાવ જેમ કે બીમારી, શારીરિક



પ્રતિકાત્મક તસવીર

શોષણ, યૌન હિંસા અને કિશોર ગર્ભાવસ્થાનું જોખમ વધારી દીધું છે.

યુએસ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન કોવિડ રિસ્પોન્સ ટીમના મુખ્ય લેખક ડો. સુઝન હિલિસે કહ્યું કે, દુનિયાભારમાં દર બે કોરોના

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાના ૪૨ હજારથી વધુ કેસ

## કોરોનાથી એક જ દિવસમાં ૩,૯૯૮ના મોત : હાલ ભારતમાં કોરોનાનો રિકવરી રેટ ૯૭.૩૬ ટકા જેટલો

ન્યુ દિલ્હી,તા.૨૧

ભારતમાં કોરોનાના નવા કેસમાં ગઈકાલે ૧૨૫ દિવસ પછી આંકડો ૩૦ હજાર પર પહોંચ્યા બાદ ફરી નવા કેસની સંખ્યા ૪૦ને પાર પહોંચી ગઈ છે. જ્યારે ગઈકાલે મૃત્યુઆંક ૪૦૦ની નીચે પહોંચ્યા બાદ આજે ૩,૯૯૮ મોત નોંધાયા છે. લાંબા સમયથી ૧૦૦૦ની નીચે કોરોનાના દૈનિક મૃત્યુઆંક પહોંચ્યા પછી ફરી આંકડો ૪૦૦૦ને પાર પહોંચતા ફફડાટ વધ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે પાછલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૪૨,૦૧૫ નવા કેસ નોંધાયા છે અને ૩,૯૯૮ દર્દીઓના મોત થયા છે. એક સાથે થયેલા આટલા બધા મોતના કારણે સ્થિતિ ચિંતાજનક બની છે. જોકે, દેશમાં પાછલા સળંગ ૩૦ દિવસથી દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૨૭% સાથે ૩% કરતા નીચો રહ્યો છે.

# મેઘાલય, લેહ-લદાખ, બીકાનેરમાં ધરતીકંપ

## ત્રણ કલાકની અંદર ત્રણવાર ધરા ધ્રુજી




નવી દિલ્હી, તા.૨૧

દેશના અલગ અલગ બે ખૂણામાં છેલ્લા કેટલાક કલાકોમાં ભૂકંપના ઝટકા મહેસૂસ થયા છે. જેમાં રાજસ્થાનના બીકાનેરમાં ૫.૩નો ભૂકંપનો ઝટકો પણ સામેલ છે. આ ઉપરાંત મેઘાલયમાં પણ ભૂકંપના આંચકા મહેસૂસ થયા. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીએ આ જાણકારી આપી. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીના જણાવ્યાં મુજબ લેહ લદાખમાં સવારે ૪:૫૭ વાગે ૩.૬નો આંચકો અનુભવાયો. જ્યારે રાજસ્થાનના બીકાનેરમાં સવારે ૫:૨૪ વાગે ભૂકંપનો આંચકો અનુભવાયો. આ આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ની માપવામાં આવી છે.

આ અગાઉ મેઘાલયના વેસ્ટ ગારો હિલ્સ વિસ્તારમાં મધરાતે ૨.૧૦ વાગે ભૂકંપનો આંચકો મહેસૂસ થયો હતો. જેની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૧ની હતી. આ અગાઉ ૧૮ જુલાઈના રોજ ગુજરાતના કચ્છમાં ભૂકંપના આંચકા મહેસસ થયા હતા. જેની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૩.૯ની હતી. તે પહેલા હિમાચલ પ્રદેશ, અસમ, બંગાળ અને દિલ્હીમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

# ચીનની તાઈવાન મુદ્દે જાપાનને પરમાણુ હુમલાની ધમકી

## ચીન હવે દુનિયાને પરમાણુ સંકટમાં ધકેલી શકે : ચીન તાઈવાન મુદ્દે હંમેશાથી આક્રમક રહે છે પરંતુ આ પ્રકારની પરમાણુ હુમલાની ધમકી પહેલીવાર સામે આવી

બેઈજિંગ, તા.૨૧

દુનિયાને કોરોના મહામારીમાં ધકેલનારું ચીન પરમાણુ હુમલાની કહાની પણ રચી શકે છે. ચીને તાઈવાન મુદ્દે જાપાન પર પરમાણુ હુમલાની ધમકી આપી છે. ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીએ એક વીડિયો બહાર પાડ્યો છે. જેમાં કહેવાયું છે કે જો જાપાન તાઈવાનની મદદ કરવાની ભૂલ કરશે તો તેના પર પરમાણુ બોમ્બથી હુમલો કરવામાં આવશે. આમ તો ચીન તાઈવાન મુદ્દે હંમેશાથી આક્રમક રહે છે પરંતુ આ પ્રકારની પરમાણુ હુમલાની ધમકી કદાચ પહેલીવાર સામે આવી છે.

'Fox News' ના એક રિપોર્ટ મુજબ CPCની મંજૂરીથી આ વીડિયો એક ચેનલ પર ચલાવવામાં આવ્યો છે. વીડિયોમાં કહેવાયું છે કે અમે સૌથી પહેલા પરમાણુ બોમ્બનો ઉપયોગ કરીશું. અમે સતત પરમાણુ બોમ્બનો ઉપયોગ કરતા રહીશું અને ત્યાં સુધી કરતા રહીશું જ્યાં સુધી જાપાન કોઈ પણ

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરી યુવતી સાથે લગ્ન કરનાર સ્થાનિક નિવાસી બની શકે

## સરકાર ડોમિસાઇલ સર્ટિફિકેટ આપશે : કાશ્મીર પ્રશાસન તરફથી આ નોટિફિકેશન ૨૦ જૂલાઈના રોજ જાહેર કરાયું

શ્રીનગર,તા.૨૧

જમ્મુ કાશ્મીર પ્રશાસને કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુમાં સ્થાનિક નિવાસી બનવાના નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. નિયમ મુદ હવે અન્ય રાજ્યોમાં રહેનારા લોકો, જે કાશ્મીરી યુવતી સાથે લગ્ન કરે છે. તે પણ હવે રાજ્યના સ્થાનિક નિવાસી બની શકે છે. સરકાર તેમના માટે ડોમિસાઈલ સર્ટિફિકેટ આપશે. જમ્મુ અને કાશ્મીરમાં અત્યાર સુધી કલમ ૩૭૦ અને કલમ ૩૫ એ લાગૂ હતી. ત્યાં સુધી આવી સ્થિતીમાં ફક્ત મહિલા જ કાશ્મીરની સ્થાનિક નિવાસી રહેતી. તેના બાળકો અને પતિ આ માપદંડોમાંથી બહાર રાખવામાં આવ્યા હતા. જો કાશ્મીરી પુરૂષ કોઈ અન્ય મહિલા સાથે લગ્ન કરે છે, તો તેને અથવા તેના બાળકોને સ્થાનિક નિવાસી માનવામાં આવતા હતા.

તો વળી પુરૂષો સંબંધિત આ નિયમમા પહેલા જ ઢીલ મળી ગઈ હતી. તે કોઈ પણ રાજ્યની મહિલા સાથે લગ્ન કરી શકતા હતા. તેમનાથી થતાં બાળકો કાશ્મીરના સ્થાનિક નિવાસી જ મનાતા હતા. કહેવાય છે કે, પ્રશાસનનું આ પગલુ લૈંગિક અસમાનતાને ખતમ કરવા માટે છે જમ્મુ અને કાશ્મીર પ્રશાસન તરફથી આ નોટિફિકેશન ૨૦ જૂલાઈ ૨૦૨૧ના રોજ જાહેર કરવામાં આવી છે.

# ભાજપને સત્તાથી હટાવીશું નહીં ત્યાં સુધી ખેલા હોબે : મમતા

## ૧૬ ઓગસ્ટને ખેલા હોબે દિવસ તરીકે ઉજવાશે

કોલકાત્તા,તા.૨૧

પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને હરાવ્યા બાદ મમતા બેનર્જી




આત્મવિશ્વાસથી ભરપૂર દેખાઈ રહ્યા છે. અને જીત બાદ તેઓ હવે ભાજપ સામે આક્રમક થઈને પ્રહાર કરી રહ્યા છે. તેવામાં આજે તૃણમૂળ કોંગ્રેસ ૨૧ જુલાઈને શહીદ દિવસ તરીકે મનાવે છે. ત્યારે આજના શહીદ દિવસે સંબોધન કરતાં મમતા સરકારે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. અને કહ્યું હતું કે, ભાજપ દેશને અંધકારમાં લઈ ગઈ છે, કેન્દ્રની સત્તાથી તેને બહાર નહીં કરી દઈએ ત્યાં સુધી 'ખેલા હોબે'. આ સાથે જ મમતા બેનર્જીએ ૧૬ ઓગસ્ટને ખેલા હોબે દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.

વર્ચ્યુઅલ સંબોધનમાં મમતા બેનર્જીએ ભાજપ પર આકરાં પ્રહાર કરતાં કહ્યું કે, આજે આપણી આઝાદી ખતરામાં છે. ભાજપે આપણી સ્વતંત્રતાને ખતરામાં નાખી દીધી છે.

